# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૧૬ | ૧૬ ઓક્ટોબર, ૨૦૧૬, રવિવાર ; આસો સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ભારત-રશિયા વચ્ચે ૧૬ સમજૂતિ કરાર

**મોદી અને પુટિન વચ્ચે પણજીમાં દ્વિપક્ષીય ઐતિહાસિક ચર્ચા : બંને દેશો ત્રાસવાદના મુદ્દે સ્પષ્ટ વલણ ધરાવે છે : ક્રોસ બોર્ડર ટેરેરીઝમ અંગે ભારતની કાર્યવાહીને રશિયાનો ટેકો છે : એક જૂનો મિત્ર બે નવા કરતા સારો**

પણજી, તા. ૧૫ ગોવાના પાટનગર પણજીમાં બ્રિક્સ શિખર બેઠકના ભાગરૂપે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુટિન વચ્ચે આજે જુદા જુદા વિષયો ઉપર ઐતિહાસિક વાતચીત થઈ હતી. જેમાં બંને દેશો વચ્ચેના સંબંધોને નવી ઉંચાઈ ઉપર લઈ જવા માટે સમજૂતિ થઈ હતી. બંને દેશોના નેતાઓએ આ સંબંધોને વધુ વિશ્વાસપાત્ર બનાવવાનો પણ નિર્ણય કર્યો હતો. વાતચીત બાદ બંને દેશોએ ૧૬ સમજૂતિ ઉપર હસ્તાક્ષર કર્યા હતા. જે સમજૂતિ ઉપર બંને દેશો ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે તેમાં આંધ્રપ્રદેશમાં શીપ બિલ્ડીંગ ઉપરાંત ટેકનોલોજીમાં સંયુક્ત વિકાસ અને ટ્રાન્સફર, ગેસ પાઈપ લાઈન બનાવવા પર સંયુક્ત સંશોધન, બંને દેશો વચ્ચે ઈન્વેસ્ટમેન્ટ ફંડ બનાવવા, ટ્રેનોની સ્પીડ વધારવા માટે ભારત અને રશિયન રેલવે વચ્ચે સમજૂતિનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત કામોવ હેલિકોપ્ટરના ભારતમાં નિર્માણ મુદ્દે પણ સમજૂતિ થઈ હતી. ભારત અને રશિયન વિદેશ મંત્રાલય વચ્ચે સહકાર સાથે જોડાયેલી સમજૂતિ ઉપર પણ હસ્તાક્ષર કર્યા છે. મોદી

● અનુસંધાન પાન-૭ પર






















